

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-34 ■ તા. 15-08-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk




### મહાત્મા હાંધી કોંગ્રેસનું સ્વર્ણ પદક મેળવનાર પહેલાં ભારતીય બનશે

## અમેરિકા મહાત્મા ગાંધીને સર્વોચ્ચ નાગરિક સન્માન આપશેઃ સંસદમાં પ્રસ્તાવ રજૂ કરાયો

વોશિંગ્ટન,તા.૧૪

મહાત્મા ગાંધીને અમેરિકાના સર્વોચ્ચ નાગરિક સમ્માન આપવામાં આવી શકે છે. આ મામલે અમેરિકન સંસદમાં ફરી એક વખત પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે, જે ન્યૂયોર્કના એક સાંસદે આપ્યો હતો. મહાત્મા ગાંધીને શાંતિ અને અહિંસા માટે કોંગ્રેસના ગોલ્ડ મેડલથી સમ્માનિત કરવાનો પ્રસ્તાવ અમેરિકન પ્રતિનિધિ સભામાં રજૂ કરવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી અમેરિકન કોંગ્રેસના ગોલ્ડ મેડલ મેળવનાર પ્રથમ ભારતીય



હશે.

ન્યૂયોર્કના કોંગ્રેસ સભ્ય કેરોલિન બી મેલોનીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં આ મામલે પ્રસ્તાવ રજૂ કરતા કહ્યુ, વિરોધ પ્રદર્શિત કરવાના મહાત્મા ગાંધીના અહિંસક અને ઐતિહાસિક સત્યાગ્રહ અભિયાને રાષ્ટ્ર અને વિશ્વને પ્રેરિત કર્યા છે, તેમનું ઉદાહરણ અમને પ્રેરણા આપે છે કે અમે સ્વયંને બીજાની સેવામાં સમર્પિત કરીએ.

આ પહેલા આ સમ્માન જોર્જ વોશિંગ્ટન, નેલ્સન મંડેલા, માર્ટિન લૂથર કિંગ જૂનિયર, મધર ટેરેસા અને રોજા પાર્કસ જેવી મહાન હસ્તીઓને આપવામાં આવી ચુક્યો છે. મહાત્મા ગાંધીનો ઐતિહાસિક સત્યાગ્રહ (આત્મા-શક્તિ માટે સંસ્કૃતિ) અહિંસક પ્રતિરોધના આંદોલને એક રાષ્ટ્ર અને વિશ્વને પ્રેરિત કર્યા. મહાત્મા ગાંધીનું ઉદાહરણ આપણને બીજી સેવા માટે ખુદને સમર્પિત કરવા માટે ઉત્સાહિત કરે છે.

ભારતમાં ૧૫ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. અમેરિકામાં રહેતા ભારતીય સમુદાયના લોકો પણ ન્યૂયોર્ક, ટેક્સાસ સહિત કેટલાક વિસ્તારમાં આ દરમિયાન ભવ્ય સમારંભ આયોજિત કરવાની તૈયારી કરી રહ્યા છે.

## ૨૫ સપ્ટેમ્બરે યુએનમાં વડાપ્રધાન મોદી સંબોધન કરે તેવી શક્યતા



ન્યુ દિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ સપ્ટેમ્બરે રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના વાર્ષિક ઉચ્ચ સત્ર (યુએન જનરલ એસેમ્બલી સત્ર) ને વ્યક્તિગત રીતે સંબોધિત કરી શકે છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા બહાર પાડવામાં આવેલા વક્તાઓની યાદી દ્વારા આવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જો કે, લિસ્ટ અને કાર્યક્રમ બદલાઈ પણ શકે છે અને ઉચ્ચ સ્તરીય વાર્ષિક સત્ર માટે સંયુક્ત રાષ્ટ્ર મથક ખાતે વિશ્વના નેતાઓની હાજરી વૈશ્વિક કોરોના મહામારીની પરિસ્થિતિ પર આધારિત રહેશે. ખાસ કરીને અમેરિકા સહિતના દેશોમાં જ્યાં કોરોનાનું ડેલ્ટા વેરિએન્ટ તબાહી મચાવી રહ્યું છે

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૬ માં સત્રમાં સામાન્ય ચર્ચા માટે વક્તાઓની પ્રથમ અસ્થાયી યાદી મુજબ, પીએમ મોદી ૨૫ સપ્ટેમ્બરની સવારે એક ઉચ્ચ સ્તરીય સત્રને સંબોધન કરશે. તે દિવસના પ્રથમ નેતા બનશે. વર્ષ ૨૦૧૯ માં, પીએમ મોદીએ ઉચ્ચ સ્તરીય સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સત્ર માટે ન્યૂયોર્કની મુલાકાત લીધી હતી.

ગયા વર્ષે પીએમ મોદી સહિત વિશ્વના અન્ય નેતાઓએ સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સત્ર માટે પૂર્વ-રેકોર્ડ કરવામાં આવેલા વીડિયો દ્વારા લોકોને સંબોધિત કર્યા હતા. ગયા વર્ષે કોરોના મહામારીના કારણે વાર્ષિક સભામાં ફિઝિકલ રીતે નેતા સામેલ થઈ શક્યા નહોતા.

સંયુક્ત રાષ્ટ્રના ૭૫માં વર્ષના ઈતિહાસમાં આ પહેલીવાર હતુ કે ઉચ્ચ સ્તરીય સત્રને વર્ચુઅલ આયોજિત કરવામાં આવ્યુ હતુ. આ વર્ષે પણ સમગ્ર દુનિયાના નેતાઓ માટે પ્રી-રેકોર્ડેડ સ્ટેટમેન્ટ મોકલવાનો વિકલ્પ ખુલ્યો છે કેમ કે કેટલાક દેશોમાં હજુ પણ કોરોના મહામારીનો પ્રકોપ ચાલુ છે.

સામાન્ય ચર્ચા ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન વ્યક્તિગત રીતે સત્રને સંબોધિત કરવાના છે. અમેરિકી નેતા તરીકે વિશ્વ સંગઠનમાં તેમનુ આ પહેલુ સંબોધન હશે.જાપાની વડાપ્રધાન યોશીહિદે સુગા અને ઓસ્ટ્રેલિયાઈ નેતા સ્કૉટ મૉરિસન પણ ૨૪ સપ્ટેમ્બરે સામાન્ય ચર્ચાને સંબોધિત કરવા માટે લિસ્ટમાં છે. ઓલ્ટ્રેલિયા, ભારત, જાપાન અને અમેરિકાના નેતાઓના વ્યક્તિગત રીતે મહાસભા સત્રમાં ભાગ લેવાની આશા વ્યક્ત કરાઈ રહી છે. આ સાથે જ એ પણ સંભાવના છે કે ક્વાડ લીડર્સ શિખલ સંમેલન સપ્ટેમ્બરમાં યુએનજીએની આસપાસ થઈ શકે છે.

### વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને માહિતી આપી

## ૧૪મી ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ તરીકે ઓળખવામાં આવશે

ન્યુ દિલ્હી,તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૪ ઓગસ્ટના દિવસને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે મનાવવાનો નિર્ણય લીધો છે. આ વાત પીએમ મોદીએ ટ્વીટ કરીને કહી છે. પીએમ મોદીએ તેનું કારણ પણ જણાવ્યું છે. તેમનું કહેવું છે કે આ દિવસે નફરત અને હિંસાને કારણે આપણા લાખો બહેનો અને ભાઈઓએ વિસ્થાપિત થવુ પડ્યુ હતું. તેના બલિદાનની યાદમાં ૧૪ ઓગસ્ટને વિભાજીત વિભીષિકા સ્મૃતિ દિવસ મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ ટ્વીટમાં લખ્યુ- 'દેશના વિભાજનના દર્દને ક્યારેય ભૂલાવી શકાય નહીં. નફરત અને હિંસાને કારણે આપણા લાખો બહેનો અને ભાઈઓએ વિસ્થાપિત થવુ પડ્યુ અને પોતાનો જીવ પણ ગુમાવવો પડ્યો. તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં ૧૪ ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઈંર્દ્રૌહિૐીજિીદ્બીદ્બહ્વક્ર્હિજીહ્વક્રઅ આ દિવસ આપણે ભેદભાવ, વૈમનસ્ય અને દુર્ભાવનાના ઝેરને ખતમ કરવા માટે ન માત્ર પ્રેરિત કરશે, પરંતુ તેનાથી એકતા, સામાજિક સદ્ભાવ અને માનવીય સંવેદનાઓ મજબૂત થશે.'

તમને યાદ અપાવી દઈએ કે દેશના ઈતિહાસમાં ૧૪ ઓગસ્ટની તારીખ આંસુઓથી લખવામાં આવી છે. આ તે દિવસ હતો જ્યારે દેશનું વિભાજન થયું અને એક પૃથક રાષ્ટ્ર જાહેર કરી દેવામાં આવ્યું હતું. આ વિભાજનથી ન માત્ર ભારતીય ઉપ-મહાદ્વીપના બે ટૂકડા થયા પરંતુ બંગાળનું પણ વિભાજન થયું અને બંગાળનો પૂર્વ ભાગ ભારતથી અલગ થઈ પૂર્વી પાકિસ્તાન બની ગયો, જે ૧૯૭૧ના યુદ્ધ બાદ બાંગ્લાદેશ બન્યો હતો.

કહેવા માટે તો આ દેશનું વિભાજન હતું, પરંતુ હકીકતમાં આ દિલોનું, પરિવારોનું, સંબંધોનું અને ભાવનાઓનું વિભાજન હતું. ભારતના માતાની છાતી પર વિભાજનનો આ ઘાવ સદીઓ સુધી રહેશે અને આવનારી પેઢી આ તારીખના સૌથી દર્દનાક અને રક્તરંજિત દિવસની ટીસ અનુભવતી રહેશે.

## ચીન ભારતનું સ્થાન ખાસ પાડોશી તરીકે બદલી શકતું નથીઃ નેપાળ

કાઠમાંડૂ,તા.૧૪

નેપાળમાં નેપાળી કોંગ્રેસની સરકાર છે. ૧૩ ઓગસ્ટના રોજ શેર બહાદુર દેઉબા પીએમ બન્યાને એક મહિનો થઈ ગયો છે. અગાઉ કેપી શર્મા ઓલી પીએમ હતા. તેમના પીએમ રહેવા દરમિયાન ભારત-નેપાળ વચ્ચેના સંબંધો વણસી ગયા હતા. હવે નેપાળી કોંગ્રેસે ભારત અને ચીન વિશે કહ્યું છે કે ચીન ભારતનું સ્થાન 'ખાસ' પાડોશી તરીકે બદલી શકતું નથી. પાર્ટીએ લિમ્પિયાધુરા-કાલાપાની-લિપુલેખ મુદ્દાને વાતચીત દ્વારા ઉકેલવા પર ભાર મુક્યો છે. તાજેતરમાં, પીએમ દેઉબાએ તેમના ગઠબંધન સાથીઓ સાથે મળીને કોમન મિનિમમ પ્રોગ્રામ શરૂ કર્યો છે. નેપાળે ગયા વર્ષે લીમ્પિયાધુરા-કાલાપાની-લિપુલેખ વિસ્તારને તેના નકશામાં ઉમેરી આ વિસ્તાર પર દાવો કર્યો હતો.મિડિયા રિપોર્ટ મુજબ નેપાળનાં પૂર્વ નાણાં રાજ્ય મંત્રી અને નેપાળી કોંગ્રેસના વરિષ્ઠ નેતા ઉદય શમશેર રાણાએ કહ્યું છે કે નેપાળ 'પડોશી પહેલા' નાં સિદ્ધાંત પર કામ કરવાનું ચાલુ રાખશે. આ સાથે, જ અમે અન્ય દેશો સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો જાળવીશું. તેમણે કહ્યું છે કે, 'નેપાળને બીજિંગની જરૂર છે અને ચીન અમારૂ સારૂ પાડોશી રહ્યું છે, પરંતુ ભારત ખાસ છે. ચીન ભારતનું સ્થાન લઈ શકતું નથી. તેમણે વધુમાં કહ્યું કે પીએમ દેઉબાએ મુદ્દાઓને વધુ સારી રીતે ઉકેલવા પડશે, કારણ કે તેઓ એક નાજુક ગઠબંધન સરકારનું નેતૃત્વ કરી રહ્યા છે.

## આસામ-મિઝોરમ બોર્ડર પર આસામની સ્કૂલમાં વિસ્ફોટથી હડકંપ

ગૌહાટી,તા.૧૪

આસામ અને મિઝોરમ બોર્ડર પર ફરી એક વખત તનાવ સર્જાયો છે અને તેનુ કારણ છે, બોર્ડર પર આવેલી આસામની એક સ્કૂલમાં થયેલો વિસ્ફોટ.

શુક્રવારની રાતે અજાણ્યા લોકોએ બોર્ડરને અડીને આવેલી આસામની સ્કૂલમાં બ્લાસ્ટ કર્યો હતો. આસામ અને મિઝોરમ વચ્ચે થયેલા બોર્ડર વિવાદમાં આસામ પોલીસના જવાનોની હત્યા કરાયા બાદ આસામમાં કેટલાક નાગરિક સંગઠનો દ્વારા મિઝોરમની આર્થિક નાકાબંધી કરવામાં આવી છે. જેના કેટલાક દિવસો બાદ આ ઘટના બની છે.આસામના હેલાકાંડી જિલ્લાની સ્કૂલમાં થયેલા વિસ્ફોટના કારણે સ્કૂલની ઈમારતને નુકસાન થયુ છે. સ્કૂલથી બોર્ડર ૫૦૦ મીટર જ દૂર છે. લોકોએ ધડાકાનો અવાજ સાંભળ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી મહિનામાં પણ આ જ જિલ્લની અન્ય એક સ્કૂલમાં બે વિસ્ફોટ કરવામાં આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, બંને રાજયો વચ્ચે ૧૬૫ કિલોમીટર લાંબી સીમા છે અને તેને લઈને બંને રાજયો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.

## મહારાષ્ટ્રમાં પ્રવેશ માટે રસીના બંન્ને ડોઝ અથવા આરટી-પીસીઆર નેગેટિવ જરુરી

મુંબઈ,તા.૧૪

મહારાષ્ટ્ર સરકારે કોરોનાના કહેર વચ્ચે બહારથી આવતા મુસાફરોને લઈ મહત્વનો નિર્ણય લીધો છે. હવે રાજ્યમાં એન્ટ્રી મેળવનારા કોઈ પણ મુસાફરે કોરોના વેક્સિનના બંને ડોઝ લીધેલા હોય તો જ પ્રવેશ આપવામાં આવશે. તેમણે પુરાવા તરીકે વેક્સિનેશન સર્ટિફિકેટ સાથે રાખવું પડશે. ઉપરાંત જો વેક્સિન ન લીધેલી હોય તો નેગેટિવ આરટીપીસીઆર રિપોર્ટ બતાવવો જરૂરી છે. જો આ નિયમોનું પાલન નહીં થાય તો બહારથી આવી રહેલા મુસાફરોએ મહારાષ્ટ્રમાં ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઈન થવું પડશે.

આદેશ પ્રમાણે મુસાફરોએ મહારાષ્ટ્રમાં એન્ટ્રી પહેલા વેક્સિન સર્ટિફિકેટ બતાવવું જરૂરી રહેશે. વેક્સિનના બંને ડોઝ લીધેલા હોવાનું તો જરૂરી છે જ પરંતુ સાથે જ વેક્સિનના બીજા ડોઝ લીધાને પણ ૧૪ દિવસ થઈ ગયા હોવાનું ફરજિયાત છે. જો કોઈ મુસાફર આ માપદંડો પર યોગ્ય ન ઉતરે તો તેણે કોરોનાનો નેગેટિવ આરટીપીસીઆર રિપોર્ટ દેખાડવો પડશે અને તે રિપોર્ટ પણ ૭૨ કલાક જૂનો હોવો જોઈએ. રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, જો કોઈએ વેક્સિન નહી લીધી હોય અને તેના પાસે નેગેટિવ આરટીપીસીઆર રિપોર્ટ પણ નહી હોય તો તેણે ૧૪ દિવસના ક્વોરેન્ટિનમાંથી પસાર થવું પડશે. મહારાષ્ટ્રમાં કોરોનાની ત્રીજી લહેરની આશંકા જણાઈ રહી હોવાથી સરકારે આ આકરા નિર્ણયો લીધા છે. ઉદ્ધવ સરકાર સમય પહેલા જ દરેક પગલા ભરી રહી છે જેથી બીજી લહેર જેવી તબાહી ન થાય.આમ તો ડેલ્ટા પ્લસનો કહેર રાજ્યમાં દેખાવા લાગ્યો છે. મહારાષ્ટ્ર સરકારે પુષ્ટિ કરી છે કે રાજ્યમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટને કારણે ૫ લોકોના મોત થયા છે. અત્યાર સુધી, ડેલ્ટા પ્લસ વેરિઅન્ટ વિશે વધુ માહિતી સામે આવી નથી. આ વેરિઅન્ટ પર રસીની કેટલી અસર થાય છે તેના પર પણ સંશોધન ચાલી રહ્યું છે.

### વડાપ્રધાન મોદી લાલ કિલ્લાની પ્રાચીરથી રાષ્ટ્રને સંબોધિત કરશે

## આજે દેશભરમાં ૭૫મા સ્વતંત્રતા દિવસની ઊજવણી કરાશે

ન્યુ દિલ્હી,તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે એટલે કે ૧૫ ઓગસ્ટે ૭૫મો સ્વતંત્રતા દિવસના પ્રસંગે પ્રતિષ્ઠિત લાલ કિલ્લાની પ્રાચીરથી રાષ્ટ્રને સંબોધિત કરશે. પીએમ નરેન્દ્ર મોદીનુ સ્વતંત્રતા દિવસ પર આ વખતે સતત ૮મુ સંબોધન હશે. લાલ કિલ્લાની પ્રાચીરથી રાષ્ટ્રીય ધ્વજ તિરંગો લહેરાવ્યા બાદ પીએમ મોદી સવારે લગભગ ૭.૩૦ વાગે પોતાનુ રાષ્ટ્રના નામે સંબોધન કરશે.

૧૫ ઓગસ્ટે પીએમ મોદીએ ખાસ મહેમાન તરીકે સમગ્ર ભારતીય ઓલિમ્પિક ટુકડીને લાલ કિલ્લા પર આમંત્રિત કર્યા છે. પીએમ મોદી પણ દરેકને વ્યક્તિગત રીતે મળશે અને વાત કરશે. આ સિવાય પીએમ મોદી તમામ ખેલાડીઓને તેમના નિવાસસ્થાને અલગથી મળશે.

વડાપ્રધાન મોદી ૧૬ ઓગસ્ટના રોજ તેમના નિવાસસ્થાને ખેલાડીઓ અને તેમના કોચને મળશે. આ દરમિયાન પીએમ ખેલાડીઓ અને મેડલ વિજેતાઓ સાથે પણ વાત કરશે.

આ તરફ રાજધાની દિલ્હી તેમજ દેશનાં ઘણાં શહેરોમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. શુક્રવારે દિલ્હીના લાલ કિલ્લા પર સ્વતંત્રતા દિવસની પરેડ માટે ફુલ ડ્રેસ રિહર્સલનું આયોજન કરવામાં આવ્યું હતું. આગ્રામાં ૭૫ પેરાટૂપર્સના પેરાબ્રિગેડ કર્મચારીઓએ શુક્રવારે ફ્રી ફોલ પ્રદર્શન કર્યું હતું.

પાકિસ્તાનના ૭૫મા



સ્વતંત્રતા દિવસ નિમિત્તે અટારી-વાઘા બોર્ડર પર ભારત અને પાકિસ્તાનના સૈનિકોએ એકબીજાને મીઠાઈઓ આપી હતી.

દર વર્ષની જેમ લાલ કિલ્લા અને એની આસપાસના વિસ્તારો, સરહદી વિસ્તારો અને દિલ્હીમાં સુરક્ષા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. દિલ્હી પોલીસના જનસંપર્ક અધિકારી ચિન્મોય બિસ્વાલે જણાવ્યું હતું કે કોઈપણ ખતરાનો સામનો કરવા માટે ડ્રોન, બલૂન અથવા અન્ય કોઈપણ વસ્તુ ઉડાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

આતંકી હુમલાના ઈનપુટ્સ વચ્ચે ખાલિસ્તાની સમર્થકોને લઈને મળેલા ગુપ્ત એલર્ટથી દિલ્હી પોલીસ સક્રિય થઈ છે. પોલીસે પોતાના ગુપ્ત વિભાગની સ્પેશિયલ યૂનિટને પણ એલર્ટ કરી દીધી છે. જાણકારી પ્રમાણે ઐતિહાસિક તથા ધાર્મિક સ્થળો પર સાદા કપડામાં પોલીસ કર્મીઓને તૈનાત કરવામાં આવી રહ્યાં છે. આ સિવાય ૧૫ ઓગસ્ટ પર ફુગ્ગા અને ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. દિલ્હીમાં કલમ ૧૪૪ પણ લાગૂ કરી દેવામાં આવી છે.

આ વર્ષે કૃષિ કાયદાની વિરુદ્ધ બોર્ડર પર બેઠેલા કિસાન પોલીસ માટે મોટો પડકાર છે. આ પહેલા ૨૬ જાન્યુઆરીએ કિસાન આંદોલન દરમિયાન હિંસા થઈ હતી. તેના કારણે દરેક સંભવ પ્રયાસ કરવામાં આવી રહી છે કે આ વખતે કોઈ પ્રકારની બેદરકારી જોવા મળે નહી. મહત્વનું છે કે ૧૫ ઓગસ્ટના સમયે દિલ્હી હંમેશા એલર્ટ પર રહે છે.

# તંત્રી લેખ

## રાજ્યમાં કોલેસ્ટ્રોલ, બી.પી, ડાયાબિટીસ સહિતના રોગો તથા સ્થૂળકાયાવાળા લોકો વધુ કેમ.....?

દેશમાં એક સમયે લોકોની ખાણીપીણી સહિતની પરંપરાઓનું ચુસ્તપણે પાલન થતુ હતુ. લોકો મહેનતભર્યા કામ જાતે કરતા હતા. લગભગ લોકોની સમજ હતી કે શરીરને કસરત મળવી જોઈએ. રૂતુકાળ મુજબના શાક-ભાજી, ફળો ખાવામાં ઉપયોગ કરવાનો તેમજ શિયાળામાં સુકામેવા, વસાણાઓનો વગેરેનો ભરપૂર ઉપયોગ કરવાનો, ખાદ્યતેલોમાં સીંગતેલ અને તલના તેલનો ઉપયોગ કરાય તો ચોખ્ખું ઘી ખવાય, ઉપરાંત પીવાનુ પાણી તો માત્ર માટલાનુજ પીવાય આવી અનેક સમજદારી આમ પ્રજામાં હતી. પરંતુ તેમા પણ જે તે પ્રદેશ કે રાજ્યમાં થતા કૃષિ ઉત્પાદનોનુ મોટું મહત્વ ખાદ્યખોરાકોમા અપાતું હતું જેમાં નારિયેલ તેલ, સરસીયુ, એરંડીયુ વગેરે...એ સમયમા સમુદ્રી મીઠાનો ઉપયોગ ઓછો અને પાકિસ્તાનથી આવતા લાલ મીઠાનો ઉપયોગ વધુ થતો હતો. દેશના દરેક તહેવારોમાં પરંપરા અનુસાર મહત્વ રહેતું હતું.... જેમાં મીઠાઈ, ફરસાણ, મેવા વગેરેનો ઉપયોગ થતો પરંતુ તેને પચાવવા વિવિધ રીતે ઉજવણી કરવામાં આવતી જેમાં ગરબા, રમતો, દૂર ચાલીને હરવા- ફરવા જવાનું થતું હતું જેથી લોકોની પાચનશક્તિ મજબૂત રહેતી હતી.ધીરે ધીરે સમયમાં બદલાવ આવતો ગયો... અંગ્રેજોના શાસનમાં ચા, કોફીએ સ્થાન લીધું ત્યારબાદ તે એક પછી એક નવી ખાણીપીણી માર્કેટોમાં આવતી ગઈ કે જે તેની સાથે નાના મોટા રોગ લાવી અને તેનો અણસાર પણ લોકોને આવવા ન દીધો....! પછીથી તો દાતણ ગયા તો ટુથપેસ્ટ આવી, માલીશના સ્થાને સાબુ આવ્યા, વિવિધ ખોરાકો, નાસ્તાઓ વગેરેનું ચલણ વધતું ગયું પરિણામે લોકોને જેમાંથી વિટામિન મળતા તે ખાદ્ય વસ્તુઓથી દૂર થતા ગયા. તે સાથે વેપાર, ધંધા, નાણાનુ મહત્વ વધતા લોકો દરેક કાર્યમાં ઝડપ ઈચ્છતા થવા લાગ્યા...પરિણામે ઈન્સ્ટન્ટ ખોરાક તરફ મોટા ભાગના લોકો ઉપયોગ કરતા થઈ ગયા.જેને કારણે માનવ શરીરના મજબૂત કોષો નબળા બનતા ગયા અને જે તે રોગનો સામનો કરવા શરીરને પ્રોટીન કે શક્તિદાયક દવા લેવાની નોબત આવી ગઈ. દેશભરમાં સૌથી વધુ ડાયાબિટીસ, બ્લડપ્રેશર, કોલેસ્ટોરલ, બ્રેઈન સ્ટ્રોક, હાડકાંનો ઘસારો, સ્થૂળકાયાના રોગ ગુજરાતીઓને વધુ પ્રમાણમાં થાય છે તેમ તબીબોનું કહેવું છે. અને આવા રોગો થવાનું કારણ ખાદ્યખોરાક, રહેણી કરણી સહિતના કારણો બતાવે છે. ત્યારે હજુ પણ સમય છે શરીરને મજબૂત બનાવવાનો.... પરંતુ વેપાર-ધંધા માટે દોડતા રહેતા ગુજરાતીઓ આ માટે તૈયાર થશે કે સમય ફાળવી શકશે કે કેમ......?

કેટલાક જાણીતા તબિબોના કહેવા અનુસાર વધુ પડતા વજન અને કસરત વગર નબળા પડી ગયેલા સ્નાયુઓના કારણે ઘૂંટણના ઘસારા, કમરના મણકા ગાદી ઘસાઈ જવા જેવી મુશીબતો સ્વયં ઊભી કરેલી છે. વધુ પડતા ચરબીયુક્ત ખોરાક, ખાંડ નું વ્યસન, કબજિયાત થાય તેવા ખોરાક, બહારના તળેલા ખોરાક, નાસ્તા, બ્રેડ- બિસ્કીટ, ઠંડા પીણાઓ, વિવિધ આઈસ્ક્રીમો, કુલ્ફી, બરફ ગોળા- શરબતો, આ બધાનો સતત ઉપયોગ..... તેમાં પણ ચાલવાનું કે સાયકલ ચલાવવાનું નહીં, ઘરબહાર જવા ટુવ્હિલર કે ફોરવ્હિલરજ જોઈએ, ઉપરાંત ઘરના કામ કે પોતાના કામ જાતે નહિ કરવાના.... બીજા પાસે કરાવવાના. હાથ પગ હલાવવાના કામ પણ બીજા પાસે કરાવવાના. આપણે તો માત્ર સોફાથી ડાઈનીંગ ટેબલ અને ડાઈનીંગ ટેબલથી ડબલ બેડ સુધી.... એસી કે પંખા વગર તો ચાલે જ નહીં. પરસેવો પડે તો વજન ઘટી જાય. ટૂંકમાં તકલીફ એ બની રહી છે કે શરીરના ભારેખમ વજનમાં મંદીનો કડાકો બોલે તો મરી જઈએ.... પરંતુ એશોઆરામ અને લક્ઝરીમાં મંદી ના ચાલે... ગુજરાતમાં મોટાભાગે સરેરાશ પાણી કોઈ આપે, ચા કોઈ આપે, કસ્ટમર આવતા રહે તેની સાથે ચા પર ચાના ઘુટડા..... કામ ધંધા, વેપારમાં અગ્રેસર રહેવા તંદુરસ્તીને બાજુમાં મૂકીને દિવસભર ફોન, મોબાઈલ, કોમ્પ્યુટર, લેપટોપમાં ડૂબેલો રહે છે. અને સ્થૂળકાય બને છે. ટૂંકમાં ગુજરાતીઓ દેશના અન્ય રાજ્યો કે દેશોના લોકો કરતા બધી જાતના રોગોનો ભોગ બને છે.....! ત્યારે જો તંદુરસ્તી ઈચ્છતા હોય તો ખાણીપીણી નિયંત્રિત કરો.... કસરતને મહત્વ આપો.... નહીં તો....ડૉક્ટરો તૈયાર જ છે......!

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૬૬)
### વર્ષા જાની

માણસ પોતે સુખ દુ:ખની પરિભાષા પોતપોતાના મત મુજબ કરે છે. જેની પાસે અઢળક સુખ સાહ્યબી હોય એ માણસ સુખી!એવું માની લઈએ તો એ કેટલા અંશે યોગ્ય ગણાય? ઘણીવાર ચાર પૈડાં વાળી ગાડી (કાર )લઈને જનારાં માણસ કરતાં ચાર પૈડાં વાળી ગાડી (લારી )લઈને જનારો માણસ વધારે સુખી જણાતો હોય છે!!



ધનદોલતનાં સુખ કરતાં શરીર સુખ, નીરોગી જીવન ખૂબ જરૂરી બની રહે છે. તન નિરોગી, મજબૂત તો હાથ પગ સાબૂત, અને તો જ મહેનત માટે સાબદા થઈ શકાય.સ્વાસ્થ્ય જીવનનું પ્રથમ સુખ છે.

પહેલું સુખ તે જાતે નર્યા... આયુર્વેદ સાત્વિક, સ્વાસ્થ્યમય જીવન જીવવા માટેની અદ્ભૂત પ્રેરણા આપે છે.

**भोजनान्ते पिबेत् तक्रं**
**दिनान्ते च पिबेत् पयः।**
**निशान्ते च पिबेत् वारि**
**किं वैधेन् प्रयोजनम्॥**

ભોજન કર્યો પછી છાશ પીવી જોઈએ. અને દિવસના અંતે દૂધ પીવું જોઈએ. રાત્રીના અંતે, એટલે કે વહેલી સવારે પાણી પીવું જોઈએ પછી વૈદ્યની શી જરૂર?

આ ઉત્તમ શ્લોકમાં આયુર્વેદનો સરસ નિયમ બતાવ્યો છે. છાશ ભોજનને સુપાચ્ય બનાવે છે. તેથી જ જમ્યાં પછી છાશ પીવી જોઈએ. દૂધ સંપૂર્ણ આહાર મનાય છે. તેથી રાત્રે દૂધનું સેવન કરવાથી ઊંઘ પણ સારી આવે છે. માટે રાત્રે સૂતા પહેલાં દૂધ પીવું જોઈએ. પાણી શરીરમાં રહેલાં ઝેરી પદાર્થોને પરસેવા દ્વારા તેમજ મૂત્ર સ્વરૂપે બહાર કાઢે છે. એટલે વહેલી સવારે, નરણા કોઠે પાણી પીવું જોઈએ.તો શરીર નીરોગી રહી શકે.

**एकभुक्तं सदाशेग्यम् द्वि**
**भुक्तंबल वर्धनम् ।**
**त्रिभुक्तंच सदशेगम्**
**चतुर्भुक्तम तु माश्कम ॥**

એક વખત જમનારો હંમેશા નીરોગી રહે, બે વાર ભોજન કરેલું ભોજન શક્તિ વધારનાર બની રહે છે. ત્રણ વાર કરેલું ભોજન હંમેશ રોગ વધારનારુ હોય છે. જ્યારે ચાર વખત કરેલું ભોજન મૃત્યુ કારક નીવડે છે.

આપણે ખરેખર વિચારતા કરી મૂકે,એવી સરસ માહિતી આ શ્લોકોમાં વ્યક્ત કરવામાં આવી છે.આયુર્વેદનાં ચરકસંહિતા, સુશ્રુતસંહિતા અને ભાવપ્રકાશ જેવાં અનેક ગ્રંથોનો ખજાનો આપણા મહાન ઋષિઓ અર્પણ કરીને ગયા છે. પણ આ મૂલ્યવાન ખજાનાંને આપણે માત્ર સંઘરી જ રાખ્યો છે, કોઈ લોકરમાં પડેલાં દાગીનાની જેમ!

પહેલાના જમાનામાં લોકો મોટાભાગે બીમાર પડતાં જ નહીં. બીમાર પડે તો વિલાયતી દવા ન લેતા, વિલાયતી દવા ખાવી એટલે પરમાટી ખાધા સમાન ગણતા. બને એટલો આયુર્વેદનો સહારો લેતા. અત્યારે લોકોની બીમારી ખૂબ વધી રહી છે. કોઈપણ હોસ્પિટલમાં રોગીઓ ખદ બદતા જોવા મળે છે.ગમે એવા ખાનપાન, રહેણીકરણી, ટેક્નોલોજીનો અતિશય દુરુપયોગ, આ બધું શરીરનું યન્ત્ર ખોટકાવવા માટે ખૂબ જ કારણભૂત બની રહે છે.

ભગવાને આપણા શરીરની ખૂબ જ અદ્ભૂત રચના કરી છે. જીવની ઉત્પત્તી સાથે એનાં જીવન નિર્વાહની,પેટનો ખાડો પૂરવાની પણ સગવડ કરી છે. પણ માણસ પોતાની જાતને કુદરત કરતાં પણ વધારે હોશિયાર સમજવા લાગ્યો છે. કુદરતની ચાલતી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવા લાગ્યો છે! એટલે વધારે ને વધારે કુદરતનાં પ્રકોપનો ભોગ બનતો રહ્યો છે!

દરેકની મહત્વકાંક્ષા વધી ગઈ છે. ગાડી, બંગલા વગેરે જેવાં ભૌતિક સુખને જ પોતાનુ સાચું સુખ માની બેઠો છે. માણસ એને મેળવવા માટે રીતસર હવાતિયાં મારી રહ્યો છે! અનીતિનો માર્ગ પકડી રહ્યો છે.અને પછી એનો ભોગ પણ બની રહ્યો છે!

જરા વિચાર કરો, જે ભૌતિક વસ્તુઓ માટે આખી જિંદગી ખર્ચી નાંખીએ અને પછી એને ભોગવી જ ન શકીએ તો!!

દરેક માણસને માટે સુખની પરિભાષા અનોખી હોય છે. ભગવાન બુદ્ધે શાંતિની શોધમાં મહેલ છોડી દીધો અને માણસે મહેલની જીજીવિષામાં શાંતિ...!

વર્ષા જાની..ભાવનગર
૧૫ ઓગસ્ટ ૨૦૨૧

# સદાબહાર સૂર - 33

## અવિનાશ વ્યાસ

આપણે તો સૌ શહેરી.. શહેરમાં જન્મ્યા, ઉછર્યા પણ ક્યારેક તો આપણે શહેરના વાતાવરણથી દૂર જઈને કોઈ નાનકડા ગામમાંથી કે ગામ પાસેથી પસાર થયા હોઈશું. એવા કોઈ ગામનો ખુલ્લો કે પુરાઈ ગયેલો કૂવો કે વાવ પણ નજરે આવ્યા હશે પણ અમસ્તા એની હાજરી નોંધીને કે ક્યારેક નોંધ્યા વગર આપણે આગળ વધી ગયા હોઈશું પણ અવિનાશ વ્યાસ પાસે એક એવી નજર છે, એક એવી કલ્પના છે જે સાવ આમ નિષ્પ્રાણ જેવા લાગતા કૂવા, વાવની આસપાસ ઉદ્ભવી શકે એવી ઘટનાઓની કલ્પના કરીને એમાં અનોખા રંગ ભરી દે છે.

આમ તો આ કૂવા કે વાવ એક સમયે લોકો માટે જીવનજળના માધ્યમ. શક્ય છે ત્યારે એ કૂવા કે વાવની આસપાસ ઘણી ઘટનાઓ આકાર પામી હશે. સરખે સરખી સહિયરો માટે એ મળવાનું સ્થળ હશે કે ગામની વહુવારુઓ માટે વાતોનો વિસામો હશે. ક્યાંક કોઈકની પ્રણયકથા અહીંથી વિકસી હશે તો ક્યાંક કોઈ દુખિયારીએ જીવનનો અંત પણ અહી આવીને આણ્યો હશે.

આ બધું જ જાણ્યું પણ એથી શું? ઘડી-બે ઘડીની વાત અને વિચારોથી વિચલિત થયા અને વાત વિસારે પાડી આગળ વધ્યા.

ત્યારે વિચાર આવે કે કોને ખબર કઈ કલ્પના, કયા વિચારોથી પ્રેરાઈને ગીતકાર અવિનાશ વ્યાસે આ કૂવા-વાવ પર પાણી ભરવા જતી બહેનો, એ સમયની સ્ત્રીઓ વચ્ચેના સંવાદો કે સંવેદનોની આપ-લે, ભાતીગળ ગ્રામ્ય જીવન-ગ્રામ્ય સંસ્કૃતિને ઉજાગર કરતી એમની વિવિધ ભાવ ભરેલી અનન્ય રચનાઓ કરી હશે!

એ ક્યારેક કોઈ ઘાટે ગયા હશે? કે પછી એમણે એ ઘાટ, એ કૂવા, વાવ કે માથે બેડું લઈને જતી પનિહારીઓને માનસિક ચક્ષુ માત્રથી જોઈ-વિચારી હશે અને શબ્દોમાં નિરૂપી હશે?

આવી તો એકથી વધારે રચનાઓ છે જે આજે પણ આપણે ગાઈએ છીએ અને કદાચ એવી રચનાઓ થકી જ એ ભાતીગળ સંસ્કૃતિ આજે પણ આપણને આકર્ષે છે. ગામ ભૂલાઈ ગયા પણ એ ગીતોમાં, એ ગરબાઓમાં ધબકતી એ સંસ્કૃતિ ભૂલાઈ નથી . એમની રચનાઓમાં લોકજીવન ભારોભાર ધબકે છે.

ધબકતા આ લોકજીવન-ગ્રામ્યજીવનનું એક મહત્વના અંગ એ કૂવાનું થાળું,વાવનું મથાળું, સરવરનો આરો કે નદીનો ઓવારો. આમ તો સાવ સૂના કે શાંત લાગતા આ કૂવા કે વાવ કેટલીય પાંગરતી પ્રીતના સાક્ષી બન્યા હશે ત્યારે એમનું હોવું સાર્થક લાગ્યું હશે, ધન્ય લાગ્યું હશે!

અવિનાશ વ્યાસની આવા થાળે, મથાળે, આરે કે ઓવારે પાંગરતી પ્રીતની રચનાઓને આજે યાદ કરવી છે.

**તને જાતા જોઈ પનઘટની વાટે**
**મારૂ મન મોહી ગયુ,..**

એ બાંકો જુવાન માથે પાણીનું બેડું લઈને શેઢે શેઢે પનઘટની વાટે હાલી જતી કોઈ કન્યાને જોઈને મોહી પડ્યો હશે ત્યારે એના મનમાં કેવા ભાવો ઉમટ્યા હશે? એ કોઈ કવિ નથી કે ઝાઝી ઉપમા કે રૂપક અલંકારોથી શણગારીને એના ભાવો વ્યક્ત કરી શકે. સાદો સીધો જુવાન છે એટલે એની વાત પણ સાવ સાદી અને સીધી..

**તારા રૂપાળા ગોરા ગોરા ઘાટે,**
**મારૂ મન મોહી ગયુ,**
**કેડે કંદોરોને કોટમાં દોરો**
**તારા લહેરિયાની લાલ લાલ ભાતે,**
**મારૂ મન મોહી ગયુ,**

આ ગીતના શબ્દોથી એ રૂપાળી, ગોરી, ઘાટીલી કન્યાનું ચિત્ર આપણી નજર સામે ઉપસી આવે. લાલ લહેરીયાળા ઘમ્મર ઘેરવાળા ઘાઘરા પર એની લચકતી ચાલ સાથે જરા અમસ્તા રણકી ઉઠતા કંદોરાનો હળવો અવાજ પણ કાન અનુભવે. આ યુવાન તરફ જર તીરછી નજરે જોઈને હાલી જતી એ




કન્યા પર આપણે ય મોહી પડીએ.

**રાસે રમતી આંખને ગમતી**
**પૂનમની રઢિયાળી રાતે,**
**મારૂ મન મોહી ગયુ,**
**બેડલું માથે ને મહેંદી ભરી હાથે**
**તારી ગાગરની છલકાતી છાંટે,**
**મારૂ મન મોહી ગયુ,**

અને મોહ પામવાની અવસ્થા એક પક્ષે ન હોય. આ તો પેલા ઈકો પોઈન્ટ પર જઈને ઊભા રહીએ અને જે બોલીએ એ જ પડઘો સામે સંભળાય એવી અવસ્થાનો ચિતાર આપતી એક એવી બીજી રચના જોઈએ.

**ઊંચી તલાવડીની કોર પાણી**
**ગ્યા....તાં**
**પાણી ભરતા રે જોયો સાહ્યબો**
**બોલે અષાઢીનો મોર પાણી**
**ગ્યા....તાં**
**પાણી ભરતા રે જોયો સાહ્યબો..**

એક તરફ આવો ગળકતો મોરલો છે તો સામે એવી જ ઢળકતી ઢેલ છેપએ ય આડી નજરે તો પેલા ગહેકતા મોરલા જેવા સાહ્યબાને જોવા એનીય નજર તો તરસતી હશે પણ એમ કંઇ સીધી નજરે કંઈ એને જોવાય છે? ઢળેલી નજરે એ ચાલી જાય છે પણ પાછું એ કોઈકની નજરથી એ વિંધાય એવી મનમાં અપેક્ષાય ખરી.. એ એ કહે છે..

**ગંગા જમની બેડલું ને કીનખાબી ઈંઢોણી**
**નજરું ઢાળી હાલું તો...ય લાગે નજરું કોની**
**વગડે ગાજે મુરલીના શોર, પાણી ગ્યાતાં**
**પાણી ભરતા રે જોયો સાહ્યબો..**

તો વળી કોઈ નારીની ફરીયાદ સાવ જુદી છે. એને તો સૂના સરવરીયાને કાંઠડે પાણી ભરવા અને નહાવા જ એટલે જવું છે કે જેને એ દિલ દઈ ચૂકી છે એવો એના મનનો કોઈ માણીગર સૂના કાંઠે એને એકલી ભાળીને આવે. ઊભા ઊભ ઘડી-બેઘડીમાં દિલની આપલે થાય અને જીવનભર સાથના બોલે બંધાઈ જાય.

એના મનનો માણીગર આવેય છે પણ એનું દલડું ચોરવાના બદલે એનું બેડલું ચોરી લે છે. બોલો આવું તે શું હોતું હશે? જ્યાં દિલ દેવા બેઠા હોય ત્યાં બેડા જેવી નજીવી ચીજ લઈને હાલતો થાય એ માણહ કેવો?

પણ સાચે જ એવું બન્યું છે એવી એની ફરીયાદ લઈને અવિનાશ વ્યાસે બીજી એક મસ્ત મઝાની રચના આપી છે.

**સૂના સરવરીયાને કાંઠડે હું**
**બેડલું મેલીને ન્હાવા ગઈ**
**પાછી વળી ત્યારે બેડલુ નહી,**
**બેડલુ નહી.**
**કેટલુંયે કહ્યું પણ કાળજુ ના કોર્યું**
**ને ચોરી ચોરી ને એણે બેડલું ચોર્યું**
**ખાલીખમ બેડલાથી વળે ના કંઈ**
**પાછી વળી ત્યારે બેડલુ નહી,**
**બેડલુ નહી.**

જે નારી દલડું આપવા બેઠી છે એનું બેડલું લઈ જનારને એ ખોળે પણ કેવી રીતે? કાનુડો તો વસ્ત્રો હરીને કદંબના ઝાડ પર ઝાડ પર ચઢી બેઠો હતો પણ હા, જો એનો કાન મળે તો એના બેડલાની સાટે એનું દલડું દેવા તૈયાર બેઠી છે એવી વાત કોણ પહોંચાડશે?

અવિનાશ વ્યાસ કહે છે

**નીતરતી ઓઢણી ને નીતરતી ચોળી...**
**ને બેડલા નો ચોર મારે કેમ લેવો ખોળી...**
**દઈ દે મારું બેડલું મારા દલડા ને લઈ...**
**પાછી વળી ત્યારે બેડલુ નહી,**
**બેડલુ નહી...**

અવિનાશ વ્યાસની આવી અનેક રચનાઓ છે અને દરેકમાં કંઈક અલગ ભાવ, અલગ અર્થ લઈને એ આવે છે. વળી મળીશું આપણે આવા કોઈ કાંઠે આવતા સપ્તાહે.




## ફલાયઓવરની જેમ અંડરબ્રિજ પણ ૬ લેન હશે

# ૪ માસમાં ઉકેલાશે ટ્રાફિકની સમસ્યા, એસપી રિંગ રોડ પર ડિસેમ્બર સુધીમાં તૈયાર થશે અંડરબ્રિજ

અમદાવાદ,તા.૧૪

સરદાર પટેલ રિંગ રોડ પર નિર્માણ પામી રહેલા અંડરબ્રિજનું કામ આ વર્ષે ડિસેમ્બર મહિના સુધીમાં પૂરું થઈ જશે, જેથી ટ્રાફિકની સમસ્યા પણ ઓછી થશે. આ બ્રિજ વૈષ્ણોદેવી સર્કલ પાસે બની રહ્યો છે. આ ચાર રસ્તા પર થોડા દિવસ પહેલા જ ૬ લેનના ફલાઈઓવરનું કેંદ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકાર્પણ કર્યું હતું.

૩૧ કરોડ રૂપિયાના ખર્ચે આકાર લેનારા આ પ્રોજેક્ટનું સંચાલન નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. સાથે જ તેઓ સરખેજ-ગાંધીનગર હાઈવેના ૬ લેન પ્રોજેક્ટને પણ સંભાળી રહ્યા છે.

એનએચએઆઈના અધિકારીઓનું કહેવું છે કે, ઔડા (અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીએ એનએચએઆઈને ફંડ આપી દીધું છે અને એસ.પી. રિંગ રોડની પેરેલલ જ અંડરપાસ બનાવાનું કામ સોંપ્યું છે. અંડરપાસ બનાવાનું કામ શરૂ થઈ ગયું છે અને ડિસેમ્બર ૨૦૨૧ સુધી કામ પૂરું થઈ જશે, તેમ અધિકારીઓએ ઉમેર્યું.

આ જંક્શન પર ખૂબ ટ્રાફિક જોવા મળે છે ત્યારે નિર્માણ પામી રહેલા અંડરબ્રિજ અને થોડા સમય પહેલા ખુલ્લા મૂકાયેલા ફલાયઓવરના કારણે ટ્રાફિકની સમસ્યા હળવી થશે. ફલાયઓવરની જેમ અંડરબ્રિજ પણ ૬ લેન હશે, તેમ અધિકારીઓએ કહ્યું.

એસજી રોડ અને એસપી રિંગ રોડ પરથી પસાર થતો લગભગ ૮૫ ટકા ટ્રાફિક આ જંક્શન પરથી આવે છે જે સીધું બંને રોડ સાથે જોડાયેલું છે. એસજી હાઈવેથી આવતો માત્ર ૧૫ ટકા ટ્રાફિક રિંગ રોડ તરફ વળે છે અને રિંગ રોડથી એસજી હાઈવે પર વળતાં વાહનોની સંખ્યા પણ પ્રમાણમાં ઓછી છે.

છેલ્લા ૧૦ વર્ષોમાં એસજી રોડ અમદાવાદ શહેરનો સૌથી વ્યસ્ત રોડ બની ગયો છે અને અહી ઘણીવાર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. ×અમદાવાદ અને ગાંધીનગર બંને એકબીજા તરફ વિસ્તરી રહ્યા છે ત્યારે ગાંધીનગર આવતા-જતાં વાહનોની સંખ્યા વધી છે. રોડ પર મલ્ટીપલ લેન બનાવાથી તેમજ ફ્લાયઓવરો અને અંડરબ્રિજ બનતા ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવશે×, તેમ ઔડાના અધિકારીઓએ જણાવ્યું.

# ૧૫ ઓગસ્ટ બાદ બસો રુટબોર્ડ સિવાય દોડશો તો ડ્રાઈવર-કંડક્ટરને ૧ હજારનો દંડ ફટકારાશે

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર ડેપોની બસો આગામી ૧૫ મી ઓગસ્ટ પછી નિયત રૂટ બોર્ડ સિવાય માર્ગો પર દોડતી દેખાશે તો બસના ડ્રાઈવર અને કંડકટર ને એક હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.આવતીકાલ સુધીમાં દરેક બસમાં રૂટ બોર્ડ તૈયાર કરી દેવા માટે જે તે બસના ડ્રાઈવર કંડકટરને સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે.કોરોના કાળના કારણે ગાંધીનગર એસ.ટી ડેપો બસોના પૈડાં થંભી ગયા હતા જેના કારણે ગાંધીનગર ડેપો ને મોટું આર્થિક નુકશાની વેઠવાનો વખત આવ્યો છે ત્યારે રાજય સરકારની ગાઈડ લાઈન મુજબ હવેથી ગાંધીનગર ડેપોની ૮૪ બસો રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવી છે.આ બસો દ્વારા રોજની ૭૦૦ થી વધુ ટ્રીપો મારવામાં આવી રહી છે. શરૂઆતમાં આશરે ૯ હજાર મુસાફરો રોજના મળતા હતા. જેમ જેમ સંક્રમણ ઓછું થઈ રહ્યું છે ત્યારે મુસાફરોનો આંકડો ૧૫ હજાર પહોંચ્યો છે. જેની સામે ભૂતકાળમાં ૨૧ હજાર મુસાફરો રોજના મળતા હતા.

કોરોનાના મહામારી વચ્ચે ધીમે ધીમે મુસાફરો મળતા તો થયા છે જેની સામે એસ ટી ડેપોને રોજનું ૧ લાખની નુકશાની વેઠવી પડી રહી છે. બીજી તરફ આર્થિક નુકશાની વચ્ચે ઘણી ખરી બસો રૂટ બોર્ડ વિના જ દોડતી હોવાના કારણે મુસાફરોને કઈ બસ છે તેનો ખ્યાલ આવતો નથી જેના કારણે પણ ગાંધીનગર ડેપોને આર્થિક નુકશાની વેઠવી પડી રહી છે.આ અંગે ગાંધીનગર ડેપોના સૂત્રોએ જણાવ્યું હતું કે રૂટ બોર્ડ વિના બસો દોડતી હોવાની અનેક ફરિયાદો મળી હતી. જેનાં કારણે સોમવાર પછી એટલેકે તા. ૧૫ મી ઓગસ્ટ બાદ દરેક ડ્રાઈવર અને કંડકટર દ્વારા પોતાની બસમાં રૂટ બોર્ડ લગાવી દેવાની સૂચનાઓ આપી દેવામાં આવી છે. આવતીકાલ સુધીમાં દરેક બસમાં નિયત રૂટ બોર્ડ લગાવી દેવાના રહેશે. જે બાદ સોમવાર પછી કોઈપણ બસ રૂટ બોર્ડ વિના માર્ગો પર દોડતી જણાશે તો ડ્રાઈવર કંડકટર ને એક હજારનો દંડ પણ ફટકારવામાં આવનાર છે.

# અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ઉભેલી ટ્રક પાછળ એસ ટી બસ ઘૂસી જતાં ૩૨ ઘાયલ

કઠલાલ,તા.૧૪

સમગ્ર રાજયમાં અકસ્માતનોનું પ્રમાણ વધી રહ્યું છે. શનિવારે વહેલી સવારે અમદાવાદ-ઈન્દોર હાઈવે પરના કઠલાલ પાસેના અનારા ગામ નજીક એક અકસ્માત સર્જાયો છે. જોકે આ ગમખ્વાર અકસ્માતમાં કોઈના મૃત્યુ થયા નથી. પરંતુ બસમાં બેઠેલા આશરે ૩૨ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી છે. જે પૈકી એક મહિલા અને બસના કંડકટરની હાલત ગંભીર હોવાથી તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડ્યા હોવાનું પોલીસસૂત્રો તરફથી જાણવા મળે છે.

ખેડા જિલ્લાના કઠલાલ પંથકમાંથી અમદાવાદ-ઈન્દોરને જોડતો હાઈવે પસાર થાય છે. આ વિસ્તારના અનારા ગામ નજીક આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં જામનગરથી ઝાલોદ જતી એસટી બસ નં. ય્ન ૧૮ ઢ ૩૭૫૪ના ચાલકે આગળ ઉભી રહેલ એક ટ્રક સાથે પોતાની બસનો અકસ્માત કર્યો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે બસનો ખાલી સાઈડનું પડખુ ચીરાઈ ગયું હતું. જેના કારણે બસમાં સવાર લગભગ ૪૦થી વધુ પેસેન્જરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.

આ અકસ્માતમાં ૩૨ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ થતાં તમામને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જે પૈકી બસના કંડકટર અને એક મુસાફર મહિલાની સ્થિતિ ગંભીર બનતાં અમદાવાદ ખાતે લઇ જવામાં આવ્યા છે.

# પર્યુષણ પર્વ દરમિયાન રાજ્યમાં કતલ ખાના બંધ રાખવા રૂપાણી સરકારનો અનુરોધ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં ચાલતા માસના વેચાણની પ્રવૃતિઓ ઉપર આગામી જૈનોના પર્યુષણ પર્વ દરમિયાન બંધ રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં આગામી ૩ સપ્ટેમ્બર થી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન પર્યુષણ પર્વની ઉજવણી થવાની છે. રાજ્ય સરકારે આ પર્વના દિવસો દરમિયાન એટલે કે ૩ સપ્ટેમ્બર થી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન નગર પાલિકા મહાનગર પાલિકા વિસ્તારોમાં કતલ ખાના બંધ રાખવા અનુરોધ કર્યો છે.

રાજ્યમાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં આગામી ૩ સપ્ટેમ્બર થી ૧૦ સપ્ટેમ્બર સુધીના સમયગાળા દરમિયાન મટનનો ધંધો કરનારા બુચર્સ તથા દુકાનોને બંધ રાખવા રાજ્ય સરકાર દ્વારા અનુરોધવામાં આવ્યો છે. આ દિવસોમાં પર્યુષણના ધાર્મિક તહેવારોને કારણે રૂચિભંગ ના થાય તથા લોકોની ધાર્મિક લાગણીઓ ના દુભાય તે માટે આ અનુરોધ કરવામાં આવ્યો છે.

જૈન સમુદાયમાં પર્યુષણને મહાપર્વ, પર્વાધિરાજ ગણવામાં આવે છે. દર વર્ષે ચાતુર્માસમાં શ્રાવણ વદ બારસ કે તેરસથી આઠ દિવસના પર્યુષણ પર્વનો આરંભ થાય છે અને ભાદરવા સુદ ચોથ કે પાંચમના દિવસે 'સંવત્સરી' ઊજવવામાં આવે છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001